કેસ દાખલ થયા તા.૦૧–૦૧–૨૦૧૯
કેસ રજી. લીધા તા.૦૧–૦૧–૨૦૧૯
કેસ ફેંસલ થયા તા.૧૩–૦૨–૨૦૧૯
સમયગાળોઃ વર્ષ–માસ–દિવસ
૦૦ – ૦૧ – ૧૨

**પેટલાદના મહે.એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : પેટલાદ.**

ફોજદારી કેસ નંબર : ૦૧/૨૦૧૯
આંક : ૧૧

શ્રી સરકાર ...... ફરીયાદી.

વિરૂઘ્ધ

નરપતભાઈ દોલતસિંહ રાજપુત,
ઉં. વ. પુખ્ત,
રહે. મુળ, ખારવા,
તા. બાલોતરા, જી. બારમેલ, રાજસ્થાન.
હાલ રહે. પેટલાદ, સાંઈનાથ રોડ કડાવાળાની બાજુમાં,
તા. પેટલાદ, જી. આણંદ. ...... આરોપી.

ગુનો : ઈ. પી. કો. કલમ – ૨૮૩ મુજબ

ફરીયાદ પક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રી જી. કે. ડાભી.
આરોપી તરફે વિ. વ. શ્રી. એન. બી. માલી.

**–: ચુ કા દો :–**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તો. દારે ગઈ તા. ૨૭–૦૮–૧૭ ના રોજ કલાક ૧૧/૪૫ વાગે મોજે પેટલાદ સરદાર બાવલા પાસે પોતાની જયભવાની લસ્સી સેન્ટર ની લારી જાહેર રોડ ઉપર અડચણરૂપ ઉભી રાખી આવતાં–જતાં રાહદારીઓની જીંદગી જોખમાય તેમજ ટ્રાફીકને અડચણરૂપ અકસ્માત થાય તે રીતે ઉભી રાખી મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ હોય ઈ. પી. કો. કલમ – ૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કર્યાનો આરોપી પર આક્ષેપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી

ઉપરોકત ગુના સબબની ફરીયાદ આ કામના ફરીયાદીએ પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં તે આધારે પી. એસ. ઓ ધ્વારા સે. ગુ. ર. નં. ૩૧૬૧/૨૦૧૭ થી ગુનો નોંધવામાં આવેલો. સદર ગુનાની તપાસ આ કામના તપાસ કરનાર અધિકારીને સોપવામાં આવતા તેઓએ જરુરી પંચનામા તથા લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલત સમક્ષ હાલના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ રજુ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી

સદર કામના આરોપીને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ. પ્રો. કો. કલમ – ૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયા બાદ, સદર ગુના અન્વયે આરોપીની આંક–૩ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે આરોપીની વિરૂધ્ધના આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

### મૌખિક પુરાવો

| અનુ.નં. | મૌખિક પુરાવાઓની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ અરવીંદભાઈ રણછોડભાઈ જાદવની જુબાની. | ૦૪ |
| ૨. | પંચ સાહેદ વીલ્યમભાઈ નાનજીભાઈ ચૌહાણની જુબાની. | ૦૭ |
| ૩. | ફરીયાદી ચંદ્રસિંહ મોતીસિંહ ચૌહાણની જુબાની. | ૦૮ |
| ૪. | ત. ક. અમલદાર ફારુકમીંયા નબીમીંયા ખતીબની જુબાની. | ૧૦ |

### દસ્તાવેજી પુરાવાઓ

| અનુ.નં. | દસ્તાવેજી પુરાવાઓની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ. | ૦૫ |
| ૨. | ફરીયાદ. | ૦૯ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને એ. પી. પી. શ્રી ની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલાનું જાહેર કરેલ હોઈ ફરીયાદ પક્ષનો પુરાવો ન્યાયના હીતમાં બંધ કરવામાં આવેલ.

## (૫) બચાવ પક્ષનો પુરાવો

ઉપરોકત વિગતોએ ફરીયાદ પક્ષે રજુ રાખેલ પુરાવાઓને અંતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન આરોપીની પ્લી લગત નોંધતા આરોપીએ ઈન્કારીયતનો બચાવ લઈ અમો તદ્દન નિર્દોષ છીએ અમારા ઉપર ખોટો કેસ કરેલ છે તેવું વિશેષમાં જણાવેલ છે. આરોપીએ સોગંદ પર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસવામાં આવેલ નથી.

## (૬) દલીલો

આ કામમાં ફરિયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી ડાભી ની તથા આરોપી તરફે વિ. વ. શ્રી એન. બી. માલીની દલીલો સાંભળવામાં આવેલ છે.

## (૭) મુદાઓ

ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અને નિકાલ સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના તો. દારે ગઈ તા. ૨૭–૦૮–૧૭ ના રોજ કલાક ૧૧/૪૫ વાગે મોજે પેટલાદ સરદાર બાવલા પાસે પોતાની જયભવાની લસ્સી સેન્ટર ની લારી જાહેર રોડ ઉપર અડચણરૂપ ઉભી રાખી આવતાં–જતાં રાહદારીઓની જીંદગી જોખમાય તેમજ ટ્રાફીકને અડચણરૂપ અકસ્માત થાય તે રીતે ઉભી રાખી મળી આવી પકડાઈ જઈ ઈ. પી. કો. કલમ – ૨૮૩ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો આરોપીએ કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

**મુદ્દા નંબર : ૧**

**(૯)** સદર કામે ફરીયાદ પક્ષે ઉપરોકત પારા–૦૪ માં નોંધ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે તેનું કાળજીપૂર્વક મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદ

પક્ષે બનાવવાળી સ્થાનિક જગ્યા પર કરવામાં આવેલ પંચનામાના પંચસાહેદો પૈકીના પંચ સાહેદ અરવીંદભાઈ રણછોડભાઈ જાદવ ને આંક–૦૪ થી સોગંદ પર તપાસી પંચનામું આંક–૦૫ થી જુબાનીમાં રીફર કરી રજુ રાખેલ છે. સદર પંચસાહેદે પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓ પેટલાદ પોલીસ સ્ટેશન પાસે આવેલ નગરપાલીકાની કચેરીમાં સાફ સફાઈની કામગીરી કરે છે અને નોકરીએ આવતા જતા પોલીસે અમુક પંચનામાઓમાં પંચ તરીકે સહી કરાવેલ છે. કઈ તારીખે શા બાબતની સહી કરાવેલ તે હાલ મને યાદ નથી. મારી રૂબરૂમાં કોઈ વાહનનુ પંચનામુ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી  તેમ જણાવી પંચનામાં પરની પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેજ રીતે  ફરીયાદ પક્ષે બનાવવાળી સ્થાનિક જગ્યા પર કરવામાં આવેલ પંચનામાના પંચસાહેદો પૈકીના પંચ સાહેદ વીલ્યમભાઈ નાનજીભાઈ ચૌહાણને આંક–૦૭ થી સોગંદ પર તપાસી પંચનામું આંક–૦૫ થી જુબાનીમાં રીફર કરી રજુ રાખેલ છે. સદર પંચસાહેદ પોતાની જુબાનીમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓ ખેત મજુરી કરે છે અને ઘણી વખત કામ અર્થે બજારમાં જવાનુ થતુ હોય તે સમયે પોલીસે ઘણી વખત પંચનામામાં પંચ તરીકે સહી કરાવેલ છે. કઈ તારીખે શા બાબતની સહી કરાવેલ તે હાલ તેઓને યાદ નથી. તેઓની રૂબરૂમાં કોઈ વાહનનું પંચનામું કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. તેમ જણાવી પંચનામાં પરની પોતાની સહી ઓળખી બતાવેલ છે. આમ, સદર પંચસાહેદો પોતાની સોગંદ પરની જુબાની થી રજુ કરેલ આંક–૦૫ વાળા બનાવવાળી સ્થાનિક જગ્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સમર્થન કરતાં ન હોય સદર બનાવવાળી સ્થાનિક જગ્યા પર આરોપીએ પોતાના કબજા હવાલાવાળુ વાહન અડચણરૂપ ઉભુ રાખી આવતા જતાં રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે પાર્ક કરી મળી આવેલ હોવાનું કે સદર પંચનામું તેઓની હાજરીમાં કરવામાં આવેલ હોવાનું માની શકાય તેમ નથી.

**(૧૦)** વધુમાં, અહીં ફરીયાદ પક્ષે ફરીયાદી ચંદ્રસિંહ મોતીસિંહ ચૌહાણને આંક–૦૮ થી સોગંદ પરની જુબાની આપીને જણાવેલ છે કે, ગઈ તા. ૨૭/૦૮/૧૭ ના રોજ તેઓ પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં એ. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તથા અ. હેડ. કો. ફારુકમીયા નબીમીંયા એ રીતના માણસો પો. સ્ટેશન વીસ્તારમાં પેટ્રોલીગમાં નીકળેલ અને પેટલાદ  સરદાર બાવલા પાસે  જાહેર  રોડ પર  એક ઈસમ પોતાની જયભવાની લસ્સી સેન્ટરની લારી આવતા જતા વાહનો તથા રાહદારીઓને અડચણરૂપ તથા અકસ્માત સર્જાય તેમ જોખમકારક રીતે  ઉભી રાખેલ હોય  બે પંચોના માણસો બોલાવી પંચો

રૂબરૂ સદર લારીવાળાનું નામ ઠામ પુછતાં તેણે પોતાનું નામ નરપતભાઈ દોલતસિંહ રાજપુત રહે. પેટલાદ હોવાનુ જણાવેલ. સદર ઈસમ પોતાની લારી રોડ પર અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખવા બાબતે પુછતાં તેણે કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. જેથી વિગતવારનુ પંચનામુ કરેલ. જેથી સદર ઈસમે પોતાની લારી જાહેર રોડ ઉપર વાહનો તથા રાહદારીઓને અડચણરૂપ થાય તથા અકસ્માત સર્જાય તે રીતે જોખમ કારક ઉભી રાખી ગુનો કરેલ હોય તેના વિરૂઘ્ધ સરકાર તરફે ઈ.પી.કો કલમ ૨૮૩ મુજબ ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવતાં તેમાં તેઓની ફરીયાદી તરીકે સહી છે. જે ફરીયાદ આંક–૦૯ થી રજુ રાખેલ છે. આંક–૫ વાળુ પંચનામુ તેઓની હાજરીમાં કરવામાં આવેલ અને તેમાં પંચો તથા રૂબરૂ તરીકે અ. હેડ. કો. ફારુકમીંયા નબીમીંયાની સહી ઓળખી બતાવેલ છે.

સદર ફરીયાદી બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળો ભરચક વિસ્તાર છે અને માણસોની તથા વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે કોઈ પણ ઈસમને સ્ટેશન રોડ, રેલ્વે સ્ટેશન, મરીયમપુરા વિસ્તારમાં જવું હોય તો બનાવવાળા વિસ્તારમાં થઈને જવુ પડે. તે વાત ખરી છે કે કોઈ લારીવાળાને ત્યાં જવું હોય તો તે જ રસ્તેથી જવુ પડે. તે વાત ખરી છે કે સરકારી કામે પોલીસ સ્ટેશનની બહાર જઈએ તો સ્ટેશન ડાયરીમાં નોંધ કરવી પડે અમે સરકારી વાહનમાં ગયેલા. તે વાત ખરી છે કે સરકારી વાહનમાં લોગબુક નિભાવવાની હોય છે. તે વાત ખરી નથી કે હાલના આરોપીએ આવતા જતા વાહનોને અડચણરુપ થાય તે રીતે કોઈ પોતાનું વાહન મુકેલ નહીં. તે વાત ખરી નથી કે કામગીરી દર્શાવવા ખોટો કેસ કરેલ છે.

**(૧૧)** વધુમાં ફરીયાદપક્ષના સાહેદ ત. ક. અમલદાર ફારુકમીંયા નબીમીંયા ખતીબ આંક–૧૦ થી સોગંદ ઉપર જુબાની આપીને જણાવે છે કે, ગઈ તા. ૨૭/૦૮/૧૭ ના રોજ તેઓ પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં અ. હેડ. કો. તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તથા એ. એસ. આઈ. ચંદ્રસિંહ મોતીસિંહ એ રીતના માણસો પો. સ્ટેશન વીસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ અને પેટલાદ સરદાર બાવલા પાસે જાહેર રોડ પર એક ઈસમ તેની જય ભવાની લસ્સી સેન્ટરની લારી આવતા જતા વાહનો તથા રાહદારીઓને અડચણરૂપ તથા અકસ્માત સર્જાય તેમ જોખમકારક રીતે ઉભી રાખેલ હોય બે પંચોના માણસો બોલાવી પંચો રૂબરૂ સદર લારીવાળાનું નામ ઠામ પુછતાં તેણે પોતાનું નામ નરપતભાઈ દોલતસિંહ રાજપુત રહે. પેટલાદનાં હોવાનુ જણાવેલ. સદર ઈસમ પોતાની લારી રોડ પર અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખવા બાબતે પુછતાં તેણે કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. જેથી

વિગતવારનુ પંચનામુ કરેલ. સદર ઈસમે પોતાની લારી જાહેર રોડ ઉપર વાહનો તથા રાહદારીઓને અડચણરૂપ થાય તથા અકસ્માત સર્જાય તે રીતે જોખમ કારક ઉભી રાખી ગુનો કરેલ હોય તેના વિરૂઘ્ધ સરકાર તરફે એ. એસ. આઈ. ચંદ્રસિંહ મોતીસિંહે તેના વિરૂઘ્ધ ઈ.પી.કો કલમ ૨૮૩ મુજબ ફરીયાદ આપેલી. આંક–૫ વાળુ પંચનામુ તેઓની હાજરીમાં કરવામાં આવેલ અને તેમાં પંચો તથા રૂબરૂ તરીકે તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર ફરીયાદ આધારે પી. એસ. ઓ. એ ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપતા તપાસ સંભાળી લીધેલ અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ.હાલના કામે આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ના. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપી હાજર હોય ઓળખી બતાવેલ છે.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળો ભરચક વિસ્તાર છે અને ત્યાં માણસો તથા વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે કોઈ પણ ઈસમને રણછોડજી ચોકી, નાગરકુવા, ચાવડી બજાર વિગેરે વિસ્તારમાં જવુ હોય તો બનાવવાળા વિસ્તારમાં થઈને જવુ પડે. તે વાત ખરી છે કે કોઈ લારીવાળાને ત્યાં જવુ હોય તો તે જ રસ્તેથી જવુ પડે. તે વાત ખરી છે કે સદર રોડ ઉપર કોઈ પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવેલ નથી જેથી ખરીદી કરવા આવનાર લોકો તથા આજુબાજુની દુકાનવાળા વેપારીઓ પણ પોતાના વાહનો રોડ પર જ પાર્ક કરતા હોય છે. તે વાત ખરી છે કે રીક્ષાના પેસેન્જરો લેવા તથા ઉતારવા માટે પણ રીક્ષા ચાલકો પોતાની રીક્ષા એક બે મીનીટ માટે રોકવી પડે. તે વાત ખરી છે કે સરકારી કામે પોલીસ સ્ટેશનની બહાર જઈએ તો સ્ટેશન ડાયરીમાં નોંધ કરવી પડે અમે સરકારી વાહનમાં ગયેલ. તે વાત ખરી છે કે સરકારી વાહનમાં લોગ બુક નીભાવવાની હોય છે. તે વાત ખરી છે કે અમો સરકારી વાહનમાં ગયેલા તેનો કોઈ આધાર હાલના કામે સામેલ રાખેલ નથી. તે વાત ખરી છે કે હાલના કામે સંડોવાયેલ વાહન આરોપીની માલીકી કે કબજા ભોગવટાનો હોય તે બાબતે કોઈ માલીકીનો આધાર કે મૌખીક પુરાવો પણ તપાસના કામે મળેવેલ નથી. તે વાત ખરી છે કે હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદો જેવા કે આજુબાજુની દુકાનોવાળા ના નીવેદનો લીધેલ નથી. તે વાત ખરી નથી કે હાલના આરોપીએ આવતા જતા વાહનોને અડચણરુપ થાય તે રીતે કોઈ પોતાનું વાહન મુકેલ નહીં. તે વાત ખરી નથી કે ફરીયાદી મારા ખાતાના હોય તેઓની ફરીયાદને અનુરૂપ એક તરફી તપાસ કરી આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી રીતે ચાર્જશીટ કરેલ છે.

**(૧૨)** આમ, ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીની વિરૂધ્ધના આક્ષેપો પુરવાર કરવા મહત્વનો એવો પુરાવો જેમ કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે હાલના આરોપીએ પોતે પોતાની લારી અડચણરૂપ ઉભુ રાખી આવતા જતા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે પાર્ક કરેલ ? તે બાબતે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોવામાં આવે તો ફરીયાદી પોતાની આંક–૦૮ ની જુબાનીમાં તથા ત. ક. અમલદાર પોતાની આંક–૧૦ ની સરતપાસના ભાગે કાંઈક અંશે સમર્થનકારી કથનો કરે છે, પરંતુ ઉલટતપાસના ભાગે મહત્વની એવી બાબતો સ્વીકાર કરેલ છે કે બનાવવાળો વિસ્તાર ભરચક વિસ્તાર છે અને ત્યાં માણસોની અને વાહનોની સતત અવર જવર રહે છે, બનાવવાળી જગ્યાની આજુબાજુના સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધા નથી, હાલના કામે સંડોવાયેલ વાહન આરોપીની માલીકી કે કબજા ભોગવટાનો હોય તે બાબતે કોઈ માલીકીનો આધાર કે મૌખીક પુરાવો પણ તપાસના કામે મળેલ નથી. આમ ખુદ ફરીયાદી તથા ત. ક. અધિકારી એ કરેલ સ્વીકાર જોતા બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતે પોતાનું વાહન અડચણરૂપ ઉભુ રાખી આવતા જતા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે પાર્ક કરેલ હોવા સંર્દભે શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં હાલના ફરીયાદી તથા ત.ક. અમલદાર કહેવાતા બનાવનાં સમયે પોતાની ફરજના ભાગરૂપ પેટ્રોલીંગમાં નીકળેલ તે બાબતનો પણ કોઈ આધાર કે પુરાવો હાલના કામે રજુ થયેલ નથી તથા હાલના કામે સ્વતંત્ર સાહેદો જેવા કે આજુબાજુના વેપારીઓ અને રાહદારીઓ કે જેઓને ખરેખર અડચણ થયેલ હોય કે તેમના જાન માલને નુકશાન થવાની સંભાવના હોય તેવા સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે તેમ હતા તેમ છતાં હાલના કામે તેવા કોઈ સાહેદો તપાસવામાં આવેલ ન હોય અને તપાસેલ પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશ માત્ર પણ સમર્થન કરેલ ન હોય ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી અને તપાસેલ પોલીસ સાહેદોના નીવેદનોમાં વિરોધાભાષ જણાઈ આવેલ છે. આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાનાં અંતે અહી ફરીયાદપક્ષ આરોપીની વિરૂધ્ધના આક્ષેપો સબળ, શ્રેષ્ઠ, સચોટ, સમર્થનકારી, વિશ્વનીય, માનવાલાયક અને કડીબધ્ધ પુરાવો રજુ રાખી નિઃશંક પણે પુરવાર કરવામાં સરીયામ નિષ્ફળ રહેલ હોય ઉપરોક મુદા નં. ૧ નો જવાબ નકારાત્મક ઠરાવી મુદા નંબર ૨ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુ ક મ //

(૧) આ કામના આરોપી – નરપતભાઈ દોલતસિંહ રાજપુત ઉ. વ. પુખ્ત રહે. મુળ, ખારવા, તા. બાલોતરા, જી. બારમેલ, રાજસ્થાન, હાલ રહે. પેટલાદ, સાંઈનાથ રોડ,

કડાવાળાની બાજુમાં, તા. પેટલાદ, જી. આણંદનાંઓને ક્રિ. પ્રો. કો.કલમ–૨૫૫(૧) અન્વયે તેઓની સામેના ઈ. પી. કો. કલમ – ૨૮૩ અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ. પ્રો. કો. કલમ ૪૩૭(ક) અન્વયે આ કામના આરોપીના ખત તથા જામીન ખત ૬ માસ બાદ રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૩ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૨/૨૦૧૯ (ધર્મેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ)

સ્થળઃ પેટલાદ એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,પેટલાદ.

જજ કોડ નંબર જીજે૦૦૮૧૯